[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

([illegible])

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

— પ્રકાશક —
શેઠ સુરેન્દ્રભાઈ સારાભાઈ
[શ્રી જૈન સાહિત્ય વર્ધક સભા]
અમદાવાદ

— પ્રાપ્તિસ્થાન —
શ્રી અમૃતસૂરીશ્વરજી જ્ઞાન મંદિર
દોલતનગર, બોરીવલી (પૂર્વ)
મુંબઈ ૬૬ N. B.

— મૂલ્ય —
૧-૫૦

— સંવત —
૨૦૨૦

— મુદ્રક —
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી
જ્યોત્સનાબેન શુક્લ
પ્રતાપ પ્રિ. પ્રેસ
પ્રતાપ સદન
નાણાવટ, સુરત

પ્રકાશકીયમ્

શંબલ અને વિમર્શના અનુસંધાનમાં પ્રકટ કરાતું આ ત્રીજું પુસ્તક છે. આ પુસ્તકનું નામ ઉન્મેષ છે, આંખની પાંપણ નીચે પડે અને દેખાતું બંધ થાય તેને નિમેષ કહે છે અને તે પાંપણ ઊંચે ચડે ને દેખાવા માંડે તે ઉન્મેષ કહેવાય છે, કિંચિત્ પ્રકાશને પણ ઉન્મેષ કહેવામાં આવે છે. વિચારોનું ધીરે ધીરે માનસિક ઊર્ધ્વગમન – ઉન્મેષ છે. ક્રમાંક ૫૪૯ થી ૮૦૧ સુધી વિચારો આ પુસ્તકમાં આપ્યા છે. ૨૫૩ વિચારોને વિવેકપૂર્વક વિચારનાર માનસિક પુષ્ટિ પ્રાપ્ત કરે છે એ અનુભવે સમજાય એવી હકીકત છે. ઉતાવળે વાંચી જવા જેવું આ પુસ્તક નથી, મનન કરીને વાગોળવા જેવું છે. એટલું ધ્યાન રાખીને વાચક વાંચશે એવી વિનંતિ છે.

એજ. લિ.

પ્રકાશક



(૫૫૦)

યોગ્ય સ્વાત્મભાન ભૂલવું નહિ

આપણે કેવા છીએ. એનું લગભગ ભાન આપણને હોય છે. કેટલીક વખત કષાયને પરવશ હોઈએ ત્યારે એ ભાન વિકૃત થયું હોય છે, પણ સ્વસ્થ હોઈએ ત્યારે એ ભાન સ્પષ્ટ થાય છે. છતાં વિશ્વમાં કેટલાક માણસો પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે આપણે હોઈએ તેનાં કરતાં ઘણી વધુ પડતી પ્રશંસા તેઓ કરે છે, અને તે આપણને ગમે છે. પણ તેથી ઘણું નુકસાન થાય છે. એ વખત જતાં ખબર પડે છે. એવી પ્રશંસાથી હંમેશા સાવધ રહેવું. બીજી બાજુ આપણામાં કાંઈ નથી એવી વિચારણા કે એવા સંયોગોથી પણ બચવું. કારણ કે એથી આત્મામાં અબળતા જન્મે છે અને તેથી આગળ વધી સકાતું નથી. યોગ્યતા પ્રમાણે વિચારો કરવાથી લાભ વધતો રહે છે.

તા. ૫-૪-૫૮

(૫૫૧)

ગુણાદિનું આદાન-પ્રદાન

પોતાથી ઉતરતી કક્ષાના જીવોને દાન દેવું-ગુણાદિનું અને ઉપરની કક્ષાના પાસેથી દાન લેવું-ગુણાદિનું.

તા. ૫-૪-૫૮

(૫૫૨)

વિશિષ્ટ આપે એ ગમવું જોઈએ

જો કોઈ વિશિષ્ટ આત્માઓ પાસે જાઓ છો અને તેમની પાસેથી વસ્તુ મેળવવા ઈચ્છા રાખો છો. પણ તેના કરતાં તેઓ જે આપે તે તમને ગમવા માંડે તો જે લાભ થાય તે કોઈ અનેરો હોય છે. ભલે તમને અત્યારે નહિ તો વખત જતાં જાણ થશે.

તા. ૫-૪-૫૮

જે જીવનમાં શક્ય એવી મહત્ત્વાકાંક્ષાઓ કરે છે અને તેન
અનુરૂપ માનસિક વાચિક અથવા કાયિક અંશે પણ પ્રયત્ન
પ્રતિદિન કરે છે અને પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે સફળતા મેળવે છે એ
ખરેખર જીવન જીવે છે અને જીવી જાય છે.

મર્યા પછી પણ જગત તેને અમર થઈ ગયો એમ કહે છે.

તા. ૮-૩-૧૯૫૮

મહત્ત્વની ઇચ્છા (૫૫૭)

જેમાંથી કાંઈ સાથે આવવાનું નથી, જે ક્ષણ માત્રમાં વિણસી જાય છે, જે લાંબા કાળ સુધી સ્થિર રહે છે. પણ પરિણામ તો અશુભ ઉત્પન્ન કરે છે.

એવા કોઈ પણ કાર્યની ઇચ્છા એ મહત્વની નથી, પણ જેથી આત્મા હળવો બને અને ઉચ્ચ પથમાં આગળ વધે એવી ઇચ્છા એ જ મહત્ત્વની છે.

તા. ૮-૩-૧૯૫૮

અસ્તિત્વ (૫૫૮)

પોતાનું અસ્તિત્વ જણાવવા માટે પ્રયત્નો કરનારા પાર વગરનાં છે, પણ એવું કરો કે તમારું અસ્તિત્વ જાણનારા પાર વગરના નીકળે.

તા. ૮-૩-૧૯૫૮

ઉચ્ચભાવ (૫૫૯)

ભલે એક ક્ષણ પણ તમારામાં સુન્દર ભાવ આવી જાય, ભલે એ લાંબો કાળ ન ટકે, ભલે તેનું પરિણામ કાંઈ પણ ન દેખાય, છતાં એ સુન્દર ભાવનું મહત્ત્વ ઓછું નથી. તમારામાં આ ભાવ

પછીથી એવી પીડા જન્મશે કે તે અસહ્ય
છે એટલે તેનો ઉપાય ઔષધ રૂપે યથાર્થ

(૫૬૩)

નીસરણીની જરૂરિયાત

ઇષ્ટ સિદ્ધિમાં જેટલા અંશે ઉપ
સાધનની કિંમત છે જે નીચે છે તે આ
નીસરણીની જરૂરિયાત જેટલી સમજાવવામ
પણ ઉપર ચડી ગયેલાને તે જણાવવામાં
એમ કહેવામાં આવે છે કે તમે આ નીસ
નથી તો તે કેવું લાગે? ઉપર ચડેલાને હવે

(૫૬૪)

મધ મળે છે?

હજારો મધમાખીથી ભરપુર મધપુડ
જાગી, પત્થર માર્યો, મધમાખીઓ
બચવા ફાંફાં માર્યા.

મધ મળ્યું!—ઘણાની આવી દશા •

(૫૬૫)

વસ્તુનું કાર્યક્ષેત્ર

(૫૬૯)

ક્ષણભંગુર

કોઈ કોઈ વખત સંધ્યા વાદળ તરફ એક નજરે જોઈ રહેશો તો જણાશે કે તે તમારું ચિત્ત કેટલા અંતરથી ખેંચી રાખે છે, તમને લાગશે કે આ દૃશ્ય જોયા જ કરીએ પણ ક્ષણ માત્રમાં કાંઈનું કાંઈ બની જશે. કેવી ક્ષણભંગુરતા છે! તા. ૧૨-૩-૧૯૫૮

(૫૭૦)

રત્નને વેડફો નહિં

કોઈ એક માણસને બહુમૂલ્ય રત્ન પ્રાપ્ત થયેલ છે. તે નગરમાં ગયો; ત્યાં તેણે મનમોહક પદાર્થો જોયા, એ ખરીદવાનું તેને મન થયું. રત્નનાં બદલામાં એ પદાર્થ તેણે મેળવ્યાં. મનને આનંદ આવ્યો, પણ પ્રાપ્ત પદાર્થો સર્વ ક્ષણજીવી હતા. એ પદાર્થો તો વિલય પામી ગયા. હવે તો તેની યાદ પણ તેને દુઃખી કરતી હતી. શું આવું આપણા જીવનમાં નથી બનતુ એ સુધારવા માટે કાંઈ વિચાર કરાય છે? કરાય છે તો અમલમાં મૂકાય છે! નથી કેમ મૂકાતો? જે કોઈ એમાં આડા આવતા હોય તેને પૂરા બળપૂર્વક દૂર કરીને રત્નનો યથાયોગ્ય લાભ મેળવવા કટિબદ્ધ થવું જરૂરી છે. તા. ૧૨-૩-૧૯૫૮

(૫૭૧)

કાર્ય કરતાં શીખવું જરૂરી છે.

તમને જે કાર્ય ન આવડતું હોય અને તે કરવા જેવું લાગતું હોય તો તે કાર્ય શિખવાનો આગ્રહ રાખો, પણ કરવાનો આગ્રહ ન રાખો જો જાતે કરવું હોય તો. તા. ૨૭-૩-૧૯૫૮

(૫૭૨)

પ્રસંગોચિત

આજે જેની જરૂરીઆત છે તેની માંગણી કાયમી ન કરો, ખરેખર

(૫) કેટલાકને પોતાના અને પરના એમ ઉભયના કર્તવ્યનું યથાર્થ દર્શન હોય છે. તેઓ પોતે યથાવત્ વર્તન કરે છે અને અન્યને યથાવત્ વર્તન કરવા પ્રેરે છે, નાયકપણે તેઓ વિરાજી શકે છે, તેમનાથી જગતને ખૂબ ખૂબ લાભ થાય છે. તા. ૨૭-૩-૧૯૫૮

(૫૭૫)

વાદ, સંવાદ ને વિવાદ

કોઈની પણ સાથે વાદ કરવો, પણ તેમાંથી સંવાદ જન્મે એ રીતે. બાકી વિવાદ જન્મે એ રીતે વાદ કરવાથી કેવળ બકવાદ થાય છે. અને આપણું સત્ય હોય તો પણ તેથી પ્રાપ્ત થતા એ અપવાદમાં તણાઈ જાય છે. તમને અસર ન પહોંચતી હોય તો પણ સત્યને તો જરૂર તેની અસર પહોંચે છે. તા. ૨૭-૩-૧૯૫૮

(૫૭૬)

ઇષ્ટ અને અનિષ્ટ

અનિષ્ટ જણાતું હોય એ પણ અપેક્ષા વિશેષે ઇષ્ટ હોય છે—અભિષ્ટ હોય છે, એટલે ઇષ્ટને અનિષ્ટ માનવું કે અનિષ્ટને ઇષ્ટ માનવું એ પોતપોતાની અપેક્ષા ઉપર આધાર રાખે છે.

બનતા સર્વ પ્રસંગોને ઇષ્ટ રૂપે જોવાથી પ્રસન્નતા વધે છે. પણ કાંઈ અનિષ્ટ નથી બનતું એવું જ વિચારવામાં આવે તો પોતે અનિષ્ટથી નિવૃત્ત થઈ શકતો નથી. પોતે જે કાંઈ કરે છે તે સારૂં કરે છે એવી માન્યતા ઘર કરતી જાય છે, અને તેથી પ્રગતિ અટકે છે એટલે સાપેક્ષભાવે એ અનિષ્ટ છે એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે. તા. ૧૧-૪-૧૯૫૮

(૫૭૭)

કઈ તરફ જાય છે?

જીવનનો પ્રવાહ ક્યાંથી શરૂ થાય છે કે કઈ રીતે પસાર થાય છે,

માટે તેઓ ખૂબ તકેદારી રાખતા હોય છે. મહાન માણસો પણ ગુપ્ત મંત્રણા કરતા હોય છે. પણ જેઓના જીવનમાં કાંઇ મહત્તા નથી તેઓની ખાનગી વાતો એ કોઇ મહત્કાર્યની સિદ્ધ માટેની ગુપ્ત મંત્રણા નથી પણ પોતાના કોઈ રક્ષણની શંકાસ્પદ ભીતિ છે.

તા. ૧૨–૪–૧૯૫૮

(૫૮૧)

એકાદ સારો વિચાર પણ સફળ કરો

જીવનમાં ઘણાં સારા વિચારો આવે છે, પણ તેમાંના એકાદ બે અમલમાં મૂકવામાં આવે તો તેનું પરિણામ એટલું સુન્દર આવે છે કે જેની સ્મૃતિ પણ આનંદપ્રદ હોય છે.

તા. ૧૩–૪–૧૯૫૮

(૫૮૨)

અનુકરણ

કોઈનું અનુકરણ કરવું એ સારૂં નથી પણ કદાચ અનુકરણ કરવાનું મન થાય તો સારૂં અનુકરણ કરવું–અનુકરણ કરતાં પહેલાં પોતાના બળાબળાનો પૂરતો વિચાર કરવો, જો એ વિચાર કરવામાં વિલંબ કરવામાં આવશે તો પાછળથી પસ્તાવો કરવો પડશે.

તા. ૧૩–૪–૧૯૫૮

(૫૮૩)

આન્તરશુદ્ધિ

કેટલાક સમર્થ માણસો બળપૂર્વક મહાન કાર્ય સારી રીતે કરી શકે છે, પણ ઇચ્છા એવી વસ્તુ છે કે જ્યારે તેઓ કોઈ એવા કાર્યના આગ્રહમાં ચડી જાય છે ત્યારે તેમને વાળવા કે અટકાવવા મુશ્કેલ થઇ પડે છે, એટલે સામર્થ્ય સાથે આન્તરશુદ્ધિ પણ ખાસ આવશ્યક છે.

તા. ૧૩–૪–૧૯૫૮

એ સંબન્ધમાં વિચાર કરવાની તક લીધી નથી હોતી. વિચાર કરવાથી ગમ કેમ બને છે? તેનો ઉકેલ મળી જાય છે. તા. ૧૮-૪-૧૯૫૮

(૫૮૭)

માન અને અપમાન

માન અને અપમાન એ બન્ને એકજ વસ્તુની બે બાજુ જેવા છે. માનની જેટલી ચાહના વધે છે તેટલી જ પ્રાપ્તિ અપમાનની પણ વધે છે. અપમાન ન મળે એવી ઈચ્છા વાળાએ માનની ઈચ્છા ઉપર કાબૂ મેળવવો જરૂરી છે. તા. ૧૮-૪-૧૯૫૮

(૫૮૮)

ક્રૂર હાસ્ય

ભયંકર આત્માનું હાસ્ય પણ ભયંકર હોય છે. ક્રૂર કપાળવાળો હસતો હોય છે ત્યારે તેને જોઈને બીજા કંપતા હોય છે.

તા. ૧૮-૪-૧૯૫૮

(૫૫૯)

ચોતાની જેમ પરપરિવર્તન

તમારું કોઈ ખરાબ કરતું હોય ત્યારે તમને જે વિચાર જાગે છે, તેવો વિચાર તમે કોઈનું ખરાબ કરતા હો ત્યારે જાગવો જરૂરી છે. તમારું સારું કરનાર તરફ તમને પ્રીતિ જાગે છે. તેજ પ્રમાણે, તમારા તરફ બીજાને જરૂર પ્રીતિ જાગશે. જો તમને બીજાનું સારું કરવાની વૃત્તિ જાગતી હશે તો. તા. ૧૮-૪-૧૯૫૫

(૫૯૦)

દૃષ્ટિબિંદુ

શાસ્ત્રમાં આ વધારાનું કોઈએ ઉમેર્યું છે અને આમ હોવું જોઈએ, અહીંથી કોઈએ અમુક ભાગ કાઢી નાખ્યો છે. એ પ્રમાણેના

(૫૯૪)

જીવવું કે મરવું

બીજાને મારનાર જીવી શકતો નથી.
બીજાને જીવાડનાર મરી શકતો નથી. તા. ૨૩-૪-૧૯૫૮

(૫૯૫)

વિષ અને અમૃતનો વિપર્યય

અજ્ઞાની જીવ વિષને અમૃત સમજે છે અને અમૃતને વિષ સમજે છે. તા. ૨૩-૪-૧૯૫૮

(૫૯૬)

પુણ્યની મહત્તા

પાપીઓ પોતાના પાપી વિચારોનો પ્રસાર પણ 'પુણ્ય વિચાર છે' એમ સમજાવીને કરે છે, એમાંજ પુણ્યની મહત્તા છૂપાએલી છે.

તા. ૨૩-૪-૧૯૫૮

(૫૯૭)

એ ક્યાં સુધી

ખોટી વસ્તુ પણ સાચી વસ્તુની ઓથે ચાલ્યા કરે છે, તેનું ભાવી હોય ત્યાં સુધી. તા. ૨૩-૪-૧૯૫૮

(૫૯૮)

'નમઃ' પદનું સામર્થ્ય

નવકાર મંત્રમાં નમો એ નમસ્કારને માટે છે. એથી અવ્યય પદ છે. એ સિવાય અન્ય કોઈ પદ એવું સામર્થ્ય નથી ધરાવતું કે જે પદ 'નમઃ' ને બદલે મુકવાથી યોગ્ય આશય સચવાય. ત્રણે કાળનો નમસ્કાર એક સાથે કરવા માટે એ પદમાંજ પૂરતું સામર્થ્ય છે.

તા. ૨૩-૪-૧૯૫૮

૩. આચાર્ય ભગવંત — પરમ તત્ત્વ છે.
૪. ઉપાધ્યાય ભગવંત — પરમ જ્ઞાન છે.
૫. સાધુ ભગવંત — પરમ ધ્યાન છે.

તા. ૨૩-૪-૧૯૫૮

(૬૦૩)

શક્તિને કેન્દ્રિત કરવી

એક જ શક્તિને કેન્દ્રિત કરવાથી તેનાથી નીપજતું ફળ કોઈ જુદું જ હોય છે. એવી શક્તિ દરેકમાં હોય છે પણ કેન્દ્રિત કરવામાં મુશ્કેલી છે.

તા. ૨૩-૪-૧૯૫૮

(૬૦૪)

જેવું બીજ તેવું ફળ

દુષ ધાતુને ગુણ કરવાથી દોષ થાય છે
પુષ ધાતુને ગુણ કરવાથી પોષ થાય છે
તુષ ધાતુને ગુણ કરવાથી તોષ થાય છે
રુષ ધાતુને ગુણ કરવાથી રોષ થાય છે
જુષ ધાતુને ગુણ કરવાથી જોષ થાય છે

આમ અનેક ઉદાહરણો જોઈએ તો જેનું બીજ જેવું હોય તેવું પરિણામ તેથી નીપજે છે. પરિણામ આંબાને પાણી પીવરાવવાથી જે આવે તે લીંબડાને પીવરાવવાથી ક્યાંથી આવે! કારણ કે બન્ને બીજ જુદા છે.

તા. ૨૩-૪-૧૯૫૮

(૬૦૫)

વિશિષ્ટની ભૂલ

વિશિષ્ટ આત્માઓની નાની ભૂલનું પરિણામ મોટું આવે છે, એટલે એવા વિશિષ્ટ આત્માઓએ સાવધ રહેવું જરૂરી હોય છે.

તા. ૨૩-૪-૧૯૫૮

જાવ છો અને તેથી દૂર થાવ છો. પદાર્થ તમારાથી દૂર થાય છે? પદાર્થ તમારી નજીક આવે છે. એ પ્રમાણે તમો માનો છો : પણ ખરેખર એમ બનતું નથી, પદાર્થથી દૂર થવું કે નજીક રહેવું એ તમારા હાથની વાત છે. બીજા ઉપર દોષો નહિ.

તા. ૨૩-૪-૧૯૫૮

(૬૧૦)

સ્વાર્થવાળાના વખાણની કાંઈ કિંમત નથી

તમારા કાર્યના, તમારી પ્રવૃત્તિના વખાણ થાય એટલા માત્રથી કાર્યને કે પ્રવૃત્તિને સાર્થક અથવા વિશિષ્ટ માની લેવાની ભૂલ કદી પણ કરતા નહિ. તેના વખાણ કરનાર કોણ છે? તેઓ શા માટે વખાણ કરે છે? ઇત્યાદિ વિચાર જો યોગ્ય આત્માઓ નિઃસ્વાર્થ ભાવે થોડી પણ તેની સાર્થકતા જણાવશે તો તે ઘણું છે. બાકી સ્વાર્થ ભર્યા લોકો અજ્ઞાનભાવે ગમે તેટલું કહેશે તેની કાંઈ કિંમત નથી.

તા. ૨૩-૪-૧૯૫૮

(૬૧૧)

પોતાનું હોય તે જ મેળવો

જેને તમે ઝંખો છો, તે તમારું છે કે નહિ, તેનો પ્રથમ વિચાર કરો. જો એ તમારું નથી તો તે તમને ક્યાંથી મળશે? અને મળશે તો ક્યાં સુધી ટકશે? એટલે તમારું જે હોય તેની ઝંખના કરો, અને એ મેળવવા પ્રયત્ન કરો. કે જેથી ભલે લાંબે ગાળે એ મળે પણ મળ્યા પછી કોઈ તેને ઝૂંટવી શકશે નહિ. તા. ૨૪-૪-૧૯૫૮

(૬૧૨)

બેવડું નુકશાન

કોઈ પણ દુર્ગુણને આપણા સારાં ગુણની ઓથે છુપાવવા પ્રયત્નો કરવા. એમાં બેવડું નુકશાન છે. એથી દુર્ગુણને પોષણ મળે છે અને સદ્ગુણની કિંમત ઘટે છે.

તા. ૨૩-૪-૧૯૫૮

જીવવાનું—જીવનનું પ્રયોજન શું? એનો વિચાર બહુ થોડા જણે આવે છે. એવો વિચાર કરનારાઓમાંથી પણ એના તો વિરલા જ નીકળે છે કે જેઓ જીવન જીવવાના સાચા પ્રયોજનો વિચારી શકે છે, સત્ય પ્રયોજનો વિચારીને પછી તે રીતે અમલમાં મૂકનારા કેટલા! તમે ક્યાં છો? તે વિચારો. તા. ૧૦-૫-૧૯૫૮

(૬૧૭)

જીવન અને મરણ એકબીજાના પૂરક છે.

જે જીવી જાણે છે તે મરી જાણે છે અને જે મરી જાણે તે જીવી જાણે છે. જીવતા જેને નથી આવડતું. તેને મરતાં નથી આવડતું અને જેને મરતાં નથી આવડતું તેને જીવતાં નથી આવડતું.

જીવન અને મરણ બન્ને એકબીજાના પૂરક છે એક સુધરે તો બીજું સુધરે અને બીજુ સુધરે તો પ્રથમ સુધરે. તા. ૧-૬-૧૯૫૮

(૬૧૮)

મને કોઈ પૂછનાર હોય તો સારૂં

મને હું શું કરૂં છું, તે કોઈ પૂછતું નથી. કોઇ મને પૂછનાર નથી. શરૂ શરૂમાં તો મને લાગ્યું કે કેવી મજા છે. હું મારે જે કરવું હોય તે કરી શકું છું. મને કોણ પૂછનાર છે? પણ મને કોઇ નથી પૂછતું તેથી હું કયે રસ્તે છું, તેની પણ મને ગમ નથી. જે રસ્તે છું, તે મારા લાભનો છે કે ગેરલાભનો તે પણ હવે નથી સમજાતું. કારણ કે એ મને કોણ સમજાવે. મને કોઈ પૂછનાર નથી, તેમ મને કોઇ સમજાવનાર નથી. પ્રવૃત્તિનો રસ મારામાં જ સુકાઈ જાય છે. કારણ કે મને કોઈ પૂછતું નથી, તેમ મારૂં કહ્યું કોઈ સાંભળતું પણ નથી. મને કોઇ સાંભળનાર નથી, એટલે હું મારૂં કર્તવ્ય કોઈને જણાવી શકતો નથી. તેથી મારૂં કર્તવ્ય સારૂં હોય તો તેની પ્રશંસા કોઈ કરે એવી મને ઇચ્છા થાય છે, પણ એ ઇચ્છા એમની એમ જ રહે છે.

ભજવતી હોય છે ત્યારે તો લાભને બદલે નુકશાન તરફ બાજી ફરી જાય છે એટલે ઉદારતામાં અન્યનું મિશ્રણ જરૂરી નથી.

તા. ૨-૫-૧૯૫૮

(૬૨૧)

દાનમાં વિવેક

પાત્રદાન એ સર્વોત્તમ છે, એ ખરેખરી હકીકત છે. પણ એથી એ વાત વ્યાજબી નથી કે પાત્ર સિવાય અન્યમાં ન દેતાં જે કાંઈ દેવું તે પાત્રમાં જ દેવું. પાત્રદાનને પુષ્ટ કરવા માટે પણ અનુકંપાદિદાન ધર્મોનું સેવન કરવું આવશ્યક છે. રાજાને નોતરવો અને તેના પરિવારને ન નોતરવા એ જેટલું અજુગતું તેટલું જ આ છે. તા. ૨-૫-૧૯૫૮

(૬૨૨)

પરની પંચાત

દાન લેનારે દાન દેનારે શું કરવું? એ અને દાન દેનારે, દાન લેનારે શું કરવું? એ વિચારવામાં પરિસ્થિતિને સુંથવી નહિ.

તા. ૨-૫-૧૯૫૮

(૬૨૩)

બેવડો ગેરલાભ

તમારા પોતાના વિચારો કોઈ પણ વખત જ્ઞાનીને નામે કે શાસ્ત્રના નામે ફેલાવો નહિ, એથી બેવડું નૂકશાન થાય છે, એક તો એ વચન જ્ઞાનીના છે એમ માનીને અનુસરનાર નૂકશાન ભોગવે છે, અને બીજું જ્ઞાનીના વચનો આવા હોય છે એમ માનતા ફેલાતાં સાચા જ્ઞાનીના વચનો પણ અનુસરાતા નથી. તા. ૨-૫-૧૯૫૮

(૬૨૪)

છેવટે બધાં દ્વાર બંધ થઈ જશે

[illegible] પણ [illegible] ઉન્નતિ[illegible] એક વખત તમારે

એવો ભાવ તેમનાં મન ઉપર લાવવા પ્રયત્ન કરો છો, પણ એ વસ્તુ કહેવાથી સિદ્ધ થઈ શકતી નથી તે તો સ્વયં સિદ્ધ વસ્તુ છે.

તા. ૪-૫-૧૯૫૮

(૬૨૭)

સમર્પણ

કોઈનું કાંઈ પણ કાર્ય કરી આપો તેથી તેનું હૃદય તમે જીતી શકતા નથી, હૃદય જીતવા માટે એક જ ચીજની આવશ્યકતા છે. એ છે સમર્પણ. જો તમે સમર્પિત ભાવ દર્શાવશો તો સામી વ્યક્તિ તમારી થઈ જશે અને તેમ નહિ કરી શકો તો એ સિવાયનું બીજું બધું એ કાર્ય માટે નિષ્ફળ જશે. તા. ૪-૫-૧૯૫૮

(૬૨૮)

એક વાકયતા

જેને તમે વ્યવહારુતા સમજો છો તેને અમે તુચ્છતા અને સ્વાર્થ સમજીએ છીએ. તમારા ને અમારા કાર્યમાં એથી એક—વાકયતા કઈ રીતે આવી શકે. ભલે અમે તમને અનુકૂળ કે અનુરૂપ થવા પ્રયત્ન કરીએ, પણ તેમાં એક રૂપ તો ન જ બની શકીએ. અમારું મંતવ્ય ફરે ત્યારે જુદી વાત, પણ હાલ તો આ હકીકત છે. તા. ૪-૫-૧૯૫૮

(૬૨૯)

સકર્ણ

જેઓ સકર્ણ હોય છે તેઓ કર્ણ (કાન) ઉપર આધાર રાખતા નથી અને જેઓ કાન ઉપર આધાર રાખે છે તેઓ અકર્ણ વિકર્ણ કે કે લંબકર્ણ ગણાય છે.

સકર્ણ મંત્રને દ્વિકર્ણ કે ચતુષ્કર્ણ રાખી શકે છે, અને અકર્ણ મંત્રને બહુકર્ણ કરી નાખે છે. તા. ૭-૫-૧૯૫૮

કરણીય સર્વ સારી રીતે કરી શકશે પણ જે સ્થિતિ છે એ ચાલુ રહેશે તો અથડામણ મટવાની નથી. તા. ૧૭-૫-૫૮

(૬૩૩)

ભૂલ તમારી છે.

તમે કોઇની ઉપર વિશ્વાસ રાખીને બેસી રહો ને તમારૂં કાર્ય બગડે, તેમાં જેનાં ઉપર વિશ્વાસ રાખ્યો છે તેનો દોષ નથી, દોષ તમારો છે. ભૂલ–તમે કોના ઉપર વિશ્વાસ મૂકવો એ વિચાર્યું નથી–એ થઈ છે. માટે એ ભૂલનું પરિણામ વિચારીને સુધારવા તત્પર બનવું. તા. ૨૧-૫-૧૯૫૮

(૬૩૪)

કેવળ ઝંખના નકામી છે.

તમને કેટલી પ્રતિકૂળતા છે તે તમે એવી રીતે જણાવો છો કે જાણે એવી પ્રતિકૂળતા કોઈને નહિ હોય. એ પ્રતિકૂળતા દૂર કરવા માટે તમે સતત ઝંખો છો. પણ એ માટે ઝંખના કરવા માત્રથી કાંઇ વળશે નહિ. એ માટે જરૂર છે યોગ્ય પ્રયત્નની. તા. ૨૪-૫-૧૯૫૮

(૬૩૫)

ઈંટને માટે મહેલ અને મહેલને માટે ઈંટ

કેટલાક માણસો ઇંટને માટે મહેલને તોડવાનું કાર્ય કરે છે. એ મહેલ ગમે તેનો હોય તેમાં તેઓને કાંઈ ભેદભાવ હોતો નથી. જ્યારે કેટલાક કોઈનો મહેલ પૂર્ણ કરવા માટે ઇંટની જરૂર હોય તો પૂરી પાડે છે. તેઓ સમજે છે કે આપણે તો એક ઇંટ આપીએ છીએ પણ સામાને તો તે મહેલના ઉપયોગમાં આવે છે. તા. ૨૮-૫-૧૯૫૮

(૬૩૬)

નાની વાત

નાની નાની વાતોને અતિ મહત્વ આપીને ભારે બનાવવી એ

(૬૩૯)

પ્રમાણસર

સારી વસ્તુ બીજાને એટલા પ્રમાણમાં આપવી કે જે સામાને પચી શકે, તે ઉપાડી શકે, જીરવી શકે, બાકી વસ્તુઓ સારી હોય છતાં બોજારૂપ થઈ પડે છે, ત્યારે તે પણ થકવી નાખે છે. ગતિને રોકી રાખે છે, ગતિ પ્રગતિ કરવી હોય તો સારી પણ ઉપાડી શકાય એટલા પ્રમાણમાં વસ્તુઓ રાખવી. તા. ૩-૬-૧૯૫૮

(૬૪૦)

રુચિ

અરુચિ હોય છે ત્યારે ભાવતું ભોજન પણ રુચતું નથી. એટલે ભોજન માટે પ્રથમ રુચિ ઉત્પન્ન કરવી આવશ્યક છે. રુચિ ઉત્પન્ન કર્યા બાદ થોડું અલ્પ સ્વાદુ ભોજન હશે તો પણ તે ભાવશે.

તા. ૩-૬-૧૯૫૮

(૬૪૧)

પુદ્ગલો એ પારકા છે

જીવન આખુયે મેં પારકા માટે વેડફી નાખ્યું છે, એ વાત સ્વાર્થને આગળ કરીને ઘણી વખત કરી અને ઘણાંને એ પ્રમાણે ઘણી વખત કરતા સાંભળ્યા. પણ પરમાર્થથી એ પ્રમાણે વાત કરતા એક વખત આવડે તો બેડો પાર થઈ જાય. પુદ્ગલો પારકા છે અને આત્માનું ધન તો જ્ઞાનાદિ છે અને તેને માટે થોડું કરવું એ સાર્થક છે.

તા. ૫-૬-૧૯૫૮

(૬૪૨)

નક્કરતા

દોડાદોડીથી કાર્ય સાધી શકાય છે, પણ કાર્ય સ્થિર કરી શકાતું નથી. કાર્ય સ્થિર કરવા માટે નક્કરતાની જરૂર છે. એ નક્કરતા છે વચનમાં-હૃદયમાં-અને આત્મામાં. તા. ૫-૬-૧૯૫૮

એ ઘણું બેહૂદું છે. (૬૪૭)

તને ન ઓળખતાં હોય તેની પાસે તું તારી વાતો ગમે તેમ કર. પણ તને અથથી ઇતિ સુધી ઓળખે છે તેની પાસે તું એ પ્રમાણે વાતો કરતાં શરમાતો નથી એ કેટલું બેહૂદું છે. તા. ૧૧-૬-૧૯૫૮

એ કાંઇ ન હતું. (૬૪૮)

દૂર દૂર દેખ્યું, સમજાયું નહિ, કાંઇક છે, કામનું છે, એ પ્રમાણે ખેંચાણ થયું, દોટ મૂકી, કાંઇકની નજીક પહોંચતાં ખૂબ મહેનત કરી. છેવટે જ્યારે તે તપાસ્યું ત્યારે તે કાંઈ ન હતું. તા. ૧૧-૬-૧૯૫૮

એટલી ને એટલી જ દૂર છે. (૬૪૯)

ઘણી વખત ઘણી ચીજો જ્યારે જોઈએ ત્યારે એટલીને એટલી જ દૂર છે. તા. ૧૧-૬-૧૯૫૮

એ એક ક્ષણ પણ ન ટકે (૬૫૦)

પાપને જો પુણ્યની સહાય ન હોય તો તેની તાકાત નથી એક ક્ષણ પણ એ ટકી શકે. તા. ૧૧-૬-૧૯૫૮

તો એનો કોઈ ભાવ પણ ન પૂછત (૬૫૧)

જો સાત્વિક આત્માઓ દૃઢ મનોબળવાળા ધર્મનું યથાવત્ સેવન કરતા હોત તો, નિઃસત્વ આત્માઓને જોઇને કોઇ ધર્મનો ભાવ પણ ન પૂછત. તા. ૧૧-૬-૧૯૫૮

નિર્લજ્જતાનું પ્રવેશદ્વાર (૬૫૫)

નાસિકાનો અગ્રભાગ કોઈ છેદી નાંખે તો નિર્લજ્જતાને પ્રવેશ મારેનું દ્વાર ઊઘડી જાય છે. એ દ્વાર બંધ રહે એ ઇચ્છનીય છે. મોટે ભાગે લોકો એમ જ ઇચ્છે છે. મધ્ય નાડી છેદાય એ ઇષ્ટ નથી.

તા. ૧૩-૬-૧૯૫૮

આંખ અને વિચાર (૬૫૬)

જેને બન્ને આંખ છે તેની વિચાર ધારા કોઈ જુદી હોય છે, જેની જમણી આંખ જાય છે તેના વિચારોમાં ફેર પડી જાય છે. જેની બન્ને આંખ જાય છે તેના વિચારો પલટાઈ જાય છે. આમ આંખ સાથે મનન-ચિંતનને સંબંધ છે.

તા. ૧૩-૬-૧૯૫૮

જોઈતું હોય તો આપો (૬૫૭)

તમારે પોતાને ગૌરવ જોતું હોય તો યોગ્ય વ્યક્તિઓનું યોગ્ય ...રવ કરતા શિખવું આવશ્યક છે તમે બીજા યોગ્યનું ઔચિત્ય નહિ ...ળવો તો તમારૂં ઔચિત્ય કોણ જાળવશે.

તા. ૧૩-૬-૧૯૫૮

...ય (૬૫૮)

વસ્તુની જરૂરીઆત એ વસ્તુનું મૂલ્ય નથી. જરૂર વખતે અલ્પ-વસ્તુનુંયે મૂલ્ય બેહદ વધી જાય છે. વસ્તુનું વાસ્તવિક મૂલ્ય તો વિશિષ્ટતાઓમાં સમાયું છે.

તા. ૧૩-૬-૧૯૫૮

...ી વાતનો રસ (૬૫૯)

...કને પોતપોતાનો સ્વાર્થ પ્રિય હોય છે. પણ તેથી પણ વધુ

(૬૬૯)

સ્થાન

જ્યાં ઘા હોય ત્યાં દવા અસર કરે છે બીજે નહીં.

તા. ૨૪-૬-૧૯૫૮

(૬૭૦)

તમે પ્રથમ સાંભળતા શિખો

તમે પ્રસંગે બીજાને બોલાવવા માટે ઘણી બૂમો પાડો છો, પણ સામેથી ઉત્તર મળતો નથી. તમને ચીડ ચડે છે. પણ કોઈ વખત એવો વિચાર કર્યો કે મને બોલાવવા માટે પ્રસંગે ઘણાંએ બૂમો પાડી છે. સર્વ સાનુકૂળ સ્થિતિ છતાં મેં મૌન ધારણ કર્યું છે. તેનું આ સર્વ પરિણામ છે. એ સ્થિતિમાં હજુ પણ અવકાશ છે એ સુધારો એટલે સામે સુધારો તુરત જ નજરે પડશે. તા. ૨૫-૬-૧૯૫૮

(૬૭૧)

કસોટી ખોટી ન થવી જોઈએ

જ્યારે કસોટીનો પ્રસંગ આવે ત્યારે વસ્તુ માત્રની પરીક્ષા થાય છે, દરેક પદાર્થમાં કોઇપણ કાર્ય વિશેષને આશ્રયીને સત્યપણું સમાયું હોય છે. અને તે પદાર્થ તેને અનુરૂપ સત્યતાની કસોટીમાંથી પાર પણ ઉતરે છે. ફક્ત એ પદાર્થ બીજાની કસોટીએ ચડે છે ત્યારે તેનું આવી બને છે. એટલે પદાર્થને તેના સ્વરૂપમાં ઓળખવા યત્ન કરવો જરૂરી છે.

તા. ૨૭-૬-૧૯૫૮

(૬૭૨)

પરિચયની કેટલી અને કોને જરૂર છે

કોઈના માત્ર પરિચય કરવાથી તેની ઓળખ પડી જાય છે, એ અર્ધ સત્ય છે, ઓળખ કરવાની આવડત હોય અને પદાર્થના કે

(૬૭૬)

સ્મરણ-વિસ્મરણ

માણુસ બનેલા પ્રસંગને જતો કરી શકે છે, પણ ભૂલી શકતો નથી. ભૂલતા શિખવું જરૂરી છે. જો કેટલાક પ્રસંગો ભૂલી જવાય તો એ પ્રસંગોના ધક્કાથી જે નવા પ્રસંગો જન્મે છે તે જન્મે નહિ, પણ એટલું જરૂરી છે કે બધું ભૂલી જવા જેવું હોતું નથી. કેટલુંક ખાસ સ્મરણમાં રહેવું પણ જરૂરી છે.

તા. ૨૮-૬-૧૯૫૮

(૬૭૭)

ગમતી અને ન ગમતી

કોઇ તમને ગાળ આપે કે કટુ વચન કહે, એ તમને ગમે છે? તમે કહેશો કે ના નથી ગમતું, જરી પણ ગમતું નથી. છતાં તમે ગાળ આપનારને ગાળ આપો છો-કટુ વચન કહો છો. કદાચ તાકાત હોય તો પ્રહાર કરવા પણ તૈયાર થઈ જાવ છો. આ પ્રવૃત્તિ સૂચવે છે કે હજુ તમને ગાળ પ્રત્યે પક્ષપાત છે. તમે તેનો સ્વીકાર કર્યો છે. જો તમે તેનો સ્વીકાર ન કરો તો તમને વળતર આપવાનું મન પણ ન થાય. બીજું તમે સામાને એવી વસ્તુ આપો છો કે જે તેને પણ ગમતી નથી.

તા. ૨૮-૬-૧૯૫૮

એણે તમને અણગમતી વસ્તુ આપી અને તમે તેને એવી જ વસ્તુ આપી. એ પ્રમાણે તમે બન્ને સરખા ઉતર્યા. તેમાં કાંઈ તમારી વિશેષતા નથી. વિશેષતા તો ત્યારે ગણાય કે જ્યારે બદલાગાં તમે તેને ગમતી ચીજ આપો. એ પ્રમાણે કરતા શિખો. પછી જોઈ લ્યો કે પરિણામ કેવું આવે છે. થોડા સમય બાદ તમે જોશો કે કોઇપણ તમને અણુગમતી ચીજ આપશે નહિં. આ અનુભવ એકાદ વખત કરો તો પણ ખબર પડી જશે.

તા. ૨૮-૬-૧૯૬૮

નથી હોતું, કારણ તો તેની પાછળ જે સ્વાર્થની સ્થિતિ અવળી-સવળી હોય છે ને હોય છે. જેટલા સ્નેહ સંબંધથી જીવો નજીક હોય છે, તેટલા જ તેઓ દ્વેષથી દૂર દૂર થઈ જાય છે. એ જોતાં એમ લાગે કે પ્રીતિ અને અપ્રીતિ રાગ ને દ્વેષ જાણે એક વસ્તુની બે બાજુ ન હોય ! આવું નથી બનતું પ્રશસ્ત રાગમાં, પ્રશસ્ત રાગમાં સ્વાર્થનું માલિન્ય નથી હોતું. જ્યાં સ્વાર્થની મલિનતા છે તે રાગ અપ્રશસ્ત છે. તા. ૫-૭-૧૯૫૮

(૬૮૧)

સત્ય

સત્ય એ સત્ય જરૂર છે. પણ સાક્ષેપભાવે. નિરપેક્ષભાવે સત્ય પણ અસત્ય બની જાય છે. એ વાત સત્યના ઉપાસકોએ અને ચાહકોએ ભૂલવા જેવી નથી. જયારે ઉપરની હકીકત ખ્યાલ બહાર ચાલી જાય છે ત્યારે સત્યનો સમુપાસક કહેવા માત્ર રહે છે, ખરેખર તો એ અસત્યની સેવા કરતો હોય છે. તા. ૭-૭-૧૯૫૮

(૬૮૨)

અમૃત અને વિષ

સ્યાદ્વાદ જેટલો વાણીમાં આવે છે તેટલો દૂર રહો, પણ તેનો એકાદ અંશ પણ વર્તનમાં આવી જાય તો બેડો પાર થઈ જાય. દર્શન માત્રનું રહસ્યભૂત સત્ત્વ કે તત્ત્વ કોઈ હોય તો તે સ્યાદ્વાદ છે. એ વિચાર માત્રનું જીવન છે. સ્યાદ્વાદ યુક્ત વિચાર એ અમૃત છે અને સ્યાવાદ મુક્ત વિચાર એ વિષ છે. તા. ૭-૭-૧૯૫૮

(૬૮૩)

રસનો જય

મારે અમુક વગર ન ચાલે, અમુક પ્રકારનું ભોજન અને તે પણ અમુક રીતે બનાવ્યું હોય તો જ મને ભાવે, આ રીતે રસનાને

ત્યારે જાણવું કે એ પદાર્થનો દોષ નથી પણ દોષ નિજમાં છે. એ દોષને કારણે શુદ્ધ પણ અશુદ્ધ ભાસે છે. જ્યારે એ દોષ દૂર થાય છે કે કરવામાં આવે છે ત્યારે શુદ્ધ પદાર્થ યથાવત્ જણાય છે.

તા. ૧૮-૭-૧૯૫૮

(૬૮૭)

અવનતિ હાજર ન થાય—એ લક્ષ્યમાં રાખજો

જ્યારે ઉન્નતિ હોય છે ત્યારે અવનતિને ભૂલી ન જવી જોઈએ, પૂર્ણ સ્થિતિએ પહોંચ્યા પછી કાંઈ વાંધો નથી. પણ જ્યાં સુધી એ સ્થિતિએ ન પહોંચાય ત્યાં સુધી અવનતિ તરફનું લક્ષ્ય રાખવું જરૂરી છે. નહિ તો અવનતિ પોતે જાતે જ આવીને હાજર થઈ જશે.

તા. ૧૮-૭-૧૯૫૮

(૬૮૮)

ઉન્નતિની આશા

અવનતિમાં ઉન્નતિની યાદ દુઃખી કરે છે. એ હકીકત છે. પણ અવનતિમાં ઉન્નતિની આશા અવનતિના દુઃખને સહ્ય બનાવે છે. એટલે ઉન્નતિની આશા જરૂર રાખવી અને તેને યોગ્ય પ્રયત્ન થોડા થોડા પણ કરતા રહેવું. એક વખત જરૂર તમે જગતમાં અદ્‌ભુત કરી જશો.

તા. ૧૮-૭-૧૯૫૮

(૬૮૯)

જીવનદીપક

જીવન દીપક એક વખત જરૂર ઓલવાઈ જવાનો છે, તો જ્યાં સુધી જલતો રહે ત્યાં સુધી એ જેમ બને તેમ ઓછું કાજળ ઓકે અને વધુ નિર્મળ પ્રકાશ આપે એ રીતે તેમાં તેલ પૂરો અને વાટને સંકોર્યા કરો.

તા. ૧૮-૭-૧૯૫૮

(૭૦૦)

પોતાના પ્રત્યે પ્રથમ લક્ષ્ય આપવું

કોઈ પણ કાર્યનું પરિણામ તમને ન ગમે એવું આવે ત્યારે બીજા તરફ લક્ષ્ય આપતા પહેલાં પોતાના તરફ તપાસ કરવી અને તેમાં સુધારો તરત કરી લેવો, નહિ તો પરિણામને તમારા તરફ આવતા વાર નહિ લાગે. તા. ૨૩-૭-૧૯૫૮

(૭૦૧)

તરંગો વ્યર્થ છે

જો જીવનમાં થોડું પણ નક્કર કાર્ય ન બનતું હોય અને તરંગો ઘણાં સેવાતા હોય તો તે હવામાં બાચકા ભરવા જેવું છે. સ્વપ્નામાં મીઠાઈના થાળના થાળ ખાવા મળતા હોય અને જાગતા સૂકા રોટલાના પણ ફાંફાં હોય એથી શું વળે. તા. ૨૩-૭-૧૯૫૮

(૭૦૨)

સ્વમાર્ગ

તમારે જે સ્થળે પહોંચવું છે, તેનો સાચો માર્ગ જો તમારે હાથ આવી ગયો હોય તો ધીરે ધીરે ભલે પણ એ માર્ગે આગળ વધો, તેમાં આવતા વિઘ્નોથી ડરો નહિ. પાછા ન પડો, વિઘ્ન વગરનો સગવડવાળો પણ જો તમારે જ્યાં જવું છે ત્યાં ન લઈ જતો હોય તો તેવો માર્ગ તમારે શા કામનો. માટે તમે-તમારે ગમે તેવો હોય-પણ તમારે માર્ગે આગળ વધો. તા. ૨૪-૭-૧૯૫૮

(૭૦૩)

પ્રતિકૂળતા અને અનુકૂળતા

સન્માર્ગની પ્રતિકૂળતાઓ કરતાં ઉન્માર્ગની અનુકૂળતાઓ લાખ લાખ ગણી ભયંકર છે. સંસારમાં પ્રતિકૂળતાઓ વધી જાય એ સારું છે એમ માનો, એથી જો એનાં તરફ કંટાળો જાગતો હોય તો તે પ્રતિકૂળતા મહાન લાભ આપે છે. તા. ૨૪-૭-૧૯૫૮

(૭૦૭)

સમજીને સ્વાર્થ સાધો

તમે તમારો સ્વાર્થ સાધો છો, જોકે તમો જે સ્વાર્થ સાધો છો તેમાં કાંઈ માલ નથી. એ સ્વાર્થ એવો તુચ્છ કે જે સાધવા માટે તમારે મોટો—જ્યારે તમને સમજાશે ત્યારે તમને પણ ચકિત કરી દેશે—એવો–ભોગ આપવો પડે છે. ઘણું ગૂમાવીને તમે થોડું મેળવો છો. જો તમે થોડું ગૂમાવીને ઘણું મેળવવાની રીત સમજ પૂર્વક શિખી લ્યો ને પછી સ્વાર્થ સાધો તો કેવું સારૂં! તા. ૪–૮–૧૯૫૮

(૭૦૮)

નભાવી લ્યો

તમને ગમે છે એ અમને નથી ગમતું. અમને ગમે છે તે તમને નથી ગમતું. છતાં તમારાં વગર અમને અને અમારા વગર તમને ચાલે એવું નથી. એટલે તમે અમને નભાવી લ્યો ને અમે તમને નભાવી લઈએ એમાંજ મજા છે. વારંવાર તમે અમને નથી ગમતાં એ આગળ કરાવવાથી શું! તા. ૪–૮–૧૯૫૮

(૭૦૯)

જોઈએ એ કરતાં અધિક આયાસ

જે ચીજની જંખના કરવામાં આવે છે તે ચીજ અનાયાસ મળી આવે છે ત્યારે આનંદ પમાડે છે. પણ લાંબા કાળ સુધી જંખના ચાલે, તે માટે ખૂબ પ્રયત્નો કરવામાં આવે, કરવા જોઈએ એ કરતાં પણ વધારે પ્રયત્નો કરવામાં આવે, તે પછી તે મળે ત્યારે તેમાં આનંદ નથી આવતો પણ કાંઈક સુખને વિશેષ દુઃખ અનુભવાય છે.

તા. ૪–૮–૧૯૫૮

ભાન ભૂલી જાય છે. બીજી બાજુ સ્વસામર્થ્યથી પશુતાને પેસવા નહિ દેનારા વિવેકી ઉચ્ચ માણસો પણ છે અને માનવ ગણ એવાથી જ ગૌરવવંત છે. તા. ૭-૮-૧૯૫૮

(૭૧૩)

દેવો ઝંખે એવો માનવજન્મ

મારા દેવો માનવ જન્મને ઝંખે છે પણ તે અત્યારના કેટલાક માનવો જે માનવતાને લજવી રહ્યા છે એવો માનવ જન્મ તો કેટલાક પશુઓ પણ ઇચ્છતા નથી. એટલે માનવ જન્મ પામીને દેવો પણ એ જન્મની ઝંખના કરે એવું આચરણ કરી બતાવવું, તેમાં જ એ જન્મની સાર્થકતા છે—સફળતા છે. બાકી ગમે તેમ આયુઃપૂર્તિ તો થવાની જ છે. તા. ૭-૮-૧૯૫૮

(૭૧૪)

દોષ અને ગુણની તરતમતા

કેટલાક દોષો પોતાને જ મલિન કરે છે. કેટલાક દોષો પોતાને અને બીજા એકને મલિન કરે છે. કેટલાક દોષો પોતાને અને બીજા અનેકને મલિન કરે છે. કેટલાક દોષો વિશ્વને મલિન કરે છે. કેટલાક ગુણ પોતાને જ અજવાળે છે. કેટલાક ગુણ પોતાને અને બીજા એકને અજવાળે છે. કેટલાક ગુણ પોતાને અને બીજા અનેકને અજવાળે છે. કેટલાક ગુણ વિશ્વને અજવાળે છે. તા. ૭-૮-૧૯૫૮

(૭૧૫)

તેમાં વાંધો નથી

દેવો આપણને દયાવતા આવ્યા છે, તો અવસર આવ્યે આપણે દેવોને દયા દઈએ તેમાં વાંધો શો છે? તા. ૭-૮-૧૯૫૮

સમર્થ હશો તો પણ હારી જશો. તમે લોકથી પર થઇ ગયા હો તો જુદી વાત છે. બાકી લોકમાં તો એ પ્રમાણે કરવું અતિ જરૂરી છે.
તા. ૧૫-૮-૧૯૫૮

(૭૧૯)

ભાવનાની અસર

ભાવનાને નિર્મળ કરવા—રાખવા સતત કાળજી રાખવી. ભાવનાથી ભૂખ ભાંગતી નથી એમ કહેવાય છે પણ એમ નથી. ખરેખર જગતમાં જે કાંઇ બને છે તે સર્વનો મુખ્ય આધાર ભાવના ઉપર છે. ભાવનાની સૂક્ષ્મ અસરો જો સમજી શકાય તો ખબર પડે કે જગતમાં બની રહેલ સ્થૂળ કાર્યો પણ ભાંગી ભૂક્કો થઈ જશે. તા. ૨૨-૮-૧૯૫૮

(૭૨૦)

સહેલું અને મુશ્કેલ

ડાહી ડાહી વાતો કરવી સહેલ છે, પણ તેને જીવનમાં ઉતારવી મુશ્કેલ છે. બીજાના દોષોની ટીકા કરવામાં બળ નથી, પણ પોતાના દોષની કરાતી ટીકા સાંભળવામાં પણ શક્તિ જોઇએ છે. આમ કર્યું હોત કે—આમ કર્યું હોત તો આવું પરિણામ ન આવત. એવું પાછળથી ઘણાંને ઘણી વખત સૂઝે છે, ને ઘણાંને નથી સૂઝતું, જેઓને પાછળથી એવું લાગે છે તેઓને તો પ્રથમથી સમજાય તે માટે સચોટ પ્રયાસ કરવો જોઈએ. તા. ૨૨-૮-૧૯૫૮

(૭૨૧)

જવાબદારી

તમારા કાર્યો માટે કાં તો તમે પોતે જવાબદાર બની જાવ, નહિં તો કોઈ બીજાને જવાબદાર રાખો. બીજાને જવાબદાર રાખ્યા પછી તેની દોરવણીમાં નકામું માથું મારો નહિં. તમે ચાલો છો તમારી ઇચ્છા પ્રમાણે, અને જ્યારે તેનું પરિણામ અનિષ્ટ આવે છે ત્યારે બીજા

છે. તે તમે ન સમજો ને, ઠીક હવે ઘણું થયું, તો તે તમારું અજ્ઞાન છે. ને એ બરાબર નથી. તા. ૨૪-૮-૧૯૫૮

(૭૨૪)

માર્ગની વિષમતા

સાગરનો સમાગમ પામતી સરિતા પર્વતમાંથી પ્રાદુર્ભાવ પામીને કેવા કેવા પંથમાંથી પસાર થાય છે, એ તરફ નજર રાખીને પરબ્રહ્મને મળવા જતો ચેતન આગળ વધે તો તેને પોતાના માર્ગમાં આવતી વિષમતાઓ ખૂબ જ હળવી જણાય. સીધો માર્ગ ને તેમાં કાંઈ વિઘ્ન આવે એવું તો કોઈ ને કોઈક જ વાર બને છે. તા. ૨૪-૮-૧૯૫૮

(૭૨૫)

અવળચંડા અવગુણો

અવગુણોની અવળચંડાઈ એવી છે કે જો તે દૂર કરવાની કળા તમારી પાસે નહિં હોય અને તમે તેને દૂર કરવા પ્રયત્ન કરશો તો તે અવગુણો તમને બમણા જોરથી વળગશે, માટે યુક્તિથી તે દૂર કરવાનું શિખવું જરૂરી છે. તા. ૨૪-૮-૧૯૫૮

(૭૨૬)

એવું ન કરતાં

હોંશમાં ને હોંશમાં એવું કાર્ય ન કરો કે પાછળથી તમે હતાશ થાવ અને પસ્તાયા કરો. એથી તમને કાર્ય તરફ નફરત થાય છે કે જે ન જ થવી જોઈએ. તા. ૨૬-૮-૧૯૫૮

(૭૨૭)

એનું પરિણામ તમારા પૂરતું નથી

તમે એમ ન સમજતા કે આજે હું કરી રહ્યો છું તેનું સારું કે માઠું પરિણામ હું ભોગવી લઈશ. તેનાં ફળ માટે હું જવાબદાર છું.

પછી તું પ્રતિષ્ઠિત પણે જગતમાં જીવી શકતો નથી તેની કારણ કે તું બીજી રીતે પ્રતિષ્ઠિતપણે જીવવા શિખી જાય છે ત્યારે તેજ અકાર્ય તું નિઃસંકોચપણે શરમાયા વગર કરે છે. અકાર્યની જો શરમ હોય તો ફરી તે તને કરવું ન ગમે. તા. ૨૭-૮-૧૯૫૮

(૭૩૧)

ગુણનો પરિચય

તમે તમારા દુન્યવી હેતુઓ સિદ્ધ કરવા માટે મોટા મોટા ગુણોને આત્મસાત્ કરી લ્યો છો, એ કાંઈ ખોટું છે એમ નહિં એ રીતે પણ સારા ગુણોનો પરિચય જતે દીવસે તમને ઉન્નત કરશે. પણ જીવનમાં એકાદ વખત પણ જો તમે જે સારા ગુણો કેળવ્યા છે તેનો પરિચય દુન્યવી સ્વાર્થને દૂર રાખીને કરો. પછી જોવો તેની મજા ! સારા ગુણો પણ પોતાનું સાચું સ્વરૂપ તમારી પાસે દુન્યવી સ્વાર્થ બેઠો હોય છે, ત્યારે બતાવતા શરમાય છે, તે ખરેખર ખીલતા નથી. પણ જ્યારે તમે તેની સ્વતંત્ર મુલાકાત લ્યો છો ત્યારે તેઓ પોતાના ખરેખર સ્વરૂપમાં ખીલી ઉઠે છે. જીવનમાં એકાદ વખત પણ લીધેલી એવી મુલાકાત તમારે માટે અમર બની જાય છે. એનો સ્વાદ એનું સ્મરણ તમને જીવનની છેલ્લી પળ સુધી આનંદનો અનુભવ કરાવશે, ગુણની ખેતી કરવા જનાર અવગુણનો સાથ કરીને શા માટે જાય છે એ એક કોયડો છે ? તા. ૨૭-૮-૧૯૫૮

(૭૩૨)

એકાંતમાં મળો

મારે તમને એક વાત કહેવી છે, આત્માએ આત્માને કહ્યું. પણ તે [illegible] કહેવાની છે ! માટે જરા તમે મને એકાન્તમાં મળો [illegible] આનંદીમાં મળ્યા, "પણ" આ શું તમે મારી સાથે એકાન્તમાં વાત કરવા આવ્યા છો તો આ તમારી સાથે સાત- [illegible] છે. માટે કેમ આવ્યા છો ! આ જુઓને કામ-ક્રોધ-મદ-

છે તે એવો થંભાવ્યો હોય છે કે તેને જોઈને બીજા જોનારાનાં શ્વાસ પણ થંભી જાય છે. એ જીવન એ જીવન છે. તા. ૨૭-૮-૧૯૫૮

મતભેદ ત્યાં જ છે (૭૩૬)

તમે ભૂલ ન કરો એમ અમે તમને નથી કહેતા ને એમ પણ નથી કહેતા કે તમે તમારી ભૂલને સુધારો. પણ અમારું તો એટલું જ કહેવું છે કે આ તમારી ભૂલ છે. એ ભૂલનો તમે ભૂલ તરીકે સ્વીકાર કરો. મહેરબાની કરીને એ ભૂલને ભૂલ નથી એમ ન કહો. તમારો ને અમારો મતભેદ જ ત્યાં છે.

તા. ૨૭-૮-૧૯૫૮

સારું (૭૩૭)

કેટલુંક દૂરથી સારું દેખાય છે, કેટલુંક નજીકથી સારું દેખાય છે, કેટલુંક આજે સારું દેખાય છે, ને કેટલુંક કાલે સારું દેખાય છે. આ બધું સારું કાલ્પનિક છે. બાકી જે સારું છે. ખરેખર સારું જ છે, વાસ્તવ છે। તે ગમે ત્યારે ગમે ત્યાંથી સારું જ દેખાય છે.

તા. ૨૭-૮-૧૯૫૮

અજોડ કાર્ય (૭૩૮)

કોઈ ક્રોધ કરે છે, કોઈ બોધ કરે છે. કોઈ ક્રોધ પૂર્વક બોધ કરે છે, કોઈ બોધને માટે ક્રોધ કરે છે. પણ જો ક્રોધને બોધ કરવામાં આવે તો જે મજા પડે તે કોઈ ઓર જ હોય। ક્રોધને બોધનું કાર્ય કરવું એ અદ્વિતીય કર્તવ્ય છે.

તા. ૩૧-૮-૧૯૫૮

... પણ નથી. સારી વાતને પોતાનું અધુરું ડહાપણ ઉમેરીને બગાડી નાંખે છે. એવા અર્ધદગ્ધો વિશ્વને ભારભૂત બનાવે છે. તા. ૨૪-૯-૧૯૫૮

તમે બીજાની સાથે સંકળાએલા છો

(૭૪૧)

તમે તમારૂં હિત કરો તેમાં પારકું પણ હિત થાય છે, તમે તમારૂં અહિત કરો તેથી પારકું પણ અહિત થાય છે. માટે કોઈ પણ વખત ભૂલેચૂકે એવું ન વિચારતા કે હું મારૂં બગાડું છું તેમાં બીજાને શું? તમે બીજાની સાથે સંકળાએલા છો.

દોષદર્શી

(૭૪૨) તા. ૨૪-૯-૧૯૫૮

જે પોતાના દોષો દૂર કરવા સ્વયં તત્પર બને છે તે સુજ્ઞ છે. જે બીજાના બતાવ્યા પ્રમાણે દોષોને દૂર કરવા પ્રયત્નશીલ બને છે તે અનુયાયી છે. જે પોતાના દોષોનું બીજામાં દર્શન કરે છે તે દોષદર્શી છે. દોષ આંખવાળાની માફક તેને જે ચીજ જ્યાં હોય ત્યાં નહીં દેખાતાં પણ બીજે દેખાય છે.

[illegible] ભૂલેચૂકે [illegible] ન કરતા

(૭૪૩)

[illegible] ગુણોને પ્રકટ કરવા માટે એવો પ્રયત્ન ભૂલેચૂકે પણ ન [illegible] પણ પ્રકટ થઈ [illegible] અને [illegible] ગુણ [illegible] સારી ને [illegible] હોય છે પણ [illegible]

[illegible]

(૭૪૪) તા. ૨[illegible]-૯-૧૯૫૮

[illegible] આમાં [illegible] છે, તથા [illegible] નથી. [illegible] દૂર કરવા માટે

પડતી; અને નથી તેનો ઉપયોગ કરવાનું સૂઝતું. જ્યારે સામી બાજુએ જેણે પ્રથમ અમૃતનો ઉપયોગ કર્યો છે, તે ઝેરને તેના ખરા સ્વરૂપમાં બરાબર ઓળખી શકે છે, તેનાં પરિણામનો પણ તેનો પૂરો ખ્યાલ હોય છે, એટલે તે ઝેરને સ્વપ્ને પણ ઇચ્છતો નથી.

શુભ અને અશુભ (૭૪૮)

તા. ૧-૧૦-૧૯૫૮

શુભ કર્મ તો જ્યારે પ્રબળ ઉદય વર્તતો હોય છે, ત્યારે કેટલુંક દેખીતું વિપરીત આચરણ પણ સવળું પરિણામ જન્માવે છે. અને અશુભ કર્મનો પ્રબળ ઉદય વર્તતો હોય છે ત્યારે પરિણામ સવળું સારું હોય છતાં અવળું આવે છે. એટલે શુભ કર્મના ઉદય વખતે તે [illegible] એવા યત્નો સેવવા અને અશુભ કર્મના ઉદય વખતે તેનો [illegible] થઈ જાય એ માટે યત્નો સેવવા.

અન્તરાય પંચક (૭૪૯)

તા. ૧-૧૦-૧૯૫૮

દાનાન્તરાય કર્મનો ક્ષયોપશમ હોય છે, ત્યારે જીવ આ દેવા યોગ્ય છે અને આ દેવા યોગ્ય નથી ઇત્યાદિ વિચાર કરતો નથી. લાભાન્તરાયના ક્ષયોપશમવાળાને ગમે ત્યાંથી લાભ મળ્યા જ કરે છે. ભોગ અને ઉપભોગ કર્મના ક્ષયોપશમવાળાને તદુચિત પ્રસંગો અનાયાસ મળતા રહે છે. વીર્યના ક્ષયોપશમવાળાને સતત ઉત્સાહ વર્તતો હોય છે. આ પાંચમાં કોઈને એકનો, કોઈને બેનો, કોઈને ત્રણનો, કોઈને ચારનો ક્ષયોપશમ હોય છે. કોઈને પાંચેનો ઉદય હોય છે. ક્ષય તો કેવળીને જ હોય છે.

તા. ૧-૧૦-૧૯૫૮

... પ્રથમ અમૃતનો ઉપયોગ કરવાનું સૂઝતું. જ્યારે સામી બાજુએ બરાબર ઓળખી શકે છે, તેનાં પરિણામનો પણ તેનો પૂરો ખ્યાલ હોય છે, એટલે તે ઝેરને સ્વપ્ને પણ ઈચ્છતો નથી.

ઉન્મેષ

શુભ અને અશુભ (૭૪૮) તા. ૧-૧૦-૧૯૫૮

શુભ કર્મ તો જ્યારે પ્રબળ ઉદય વર્તતો હોય છે, ત્યારે કેટલુંક દેખીતું વિપરીત આચરણ પણ સવળું પરિણામ જન્માવે છે. અને અશુભ કર્મનો પ્રબળ ઉદય વર્તતો હોય છે ત્યારે પરિણામ સવળું ધાર્યું હોય છતાં અવળું આવે છે. એટલે શુભ કર્મના ઉદય વખતે તે જારી રહે એવા યત્નો સેવવા અને અશુભ કર્મના ઉદય વખતે તેનો શીઘ્ર ભોગવટો થઈ જાય એ માટે યત્નો સેવવા.

અન્તરાય પંચક (૭૪૯) તા. ૧—૧૦-૧૯૫૮

દાનાન્તરાય કર્મનો ક્ષયોપશમ હોય છે, ત્યારે જીવ આ દેવા યોગ્ય છે અને આ દેવા યોગ્ય નથી ઈત્યાદિ વિચાર કરતો નથી. લાભાન્તરાયના ક્ષયોપશમવાળાને ગમે ત્યાંથી લાભ મળ્યા જ કરે છે. ભોગ અને ઉપભોગ કર્મના ક્ષયોપશમવાળાને તદ્દુચિત પ્રસંગો અનાયાસ પ્રાપ્ત થાય છે. વીર્યના ક્ષયોપશમવાળાને સતત ઉત્સાહ વર્તતો હોય છે. આ પાંચમાં કોઇને એકનો, કોઈને બેનો, કોઈને ત્રણનો, કોઈને પાંચેનો ક્ષયોપશમ હોય છે. કોઈને પાંચેનો ઉદય હોય છે. ક્ષય તો પાંચેનો જ હોય છે.

તા. ૧-૧૦-૧૯૫૮

(૭૫૩)
કરવા યોગ્યમાં કંટાળો ન રાખો

જો તમને તમારે કરવા જરૂરી હોય એવા કાર્યોમાં પણ કંટાળો આવતો હોય તો સમજવું કે હજુ તમારે ઉચ્ચ પથમાં જવા માટે ઘણો માર્ગ પસાર કરવાનો છે, ધર્મ પામેલો આત્મા કર્મવશ અધર્મના કાર્યો કરે તેમાં તેને રસ જાગે પણ ન હોય—પણ તેથી તે જે કાર્ય કરતો હોય તે કંટાળાથી કરે એવું ન હોય, કાર્યમાં રસ ન રાખવો અને કંટાળો રાખવો એ બન્ને જુદી હકીકત છે.

તા. ૧-૧૦-૧૯૫૮

(૭૫૪)
એમાંથી મોટો વ્યાધિ જન્મે છે

મોટો દોષ જીવનનો નાશ કરે છે. અને નાના દોષો જીવનમાં પ્રગતિને અટકાવી દે છે. ભલે નાના દોષો ક્ષંતવ્ય ગણાતા હોય પણ તેથી તે ઇષ્ટ છે. એમ માનવું ન જોઇએ. જેમ મોટો વ્યાધિ ભયંકર નીવડે છે, પણ તેના ભયંકર ન હોય તેથી નાના વ્યાધિ નભાવી લેવા એમ ન માની શકાય. નાના રોગોનો પણ ઉપચાર કરીને નિકાલ લાવવો જોઇએ. ઘણાં નાના રોગો એક મોટા વ્યાધિને જન્માવતા વાર લગાડતા નથી.

તા. ૧-૧૦-૧૯૫૮

(૭૫૫)
જીવન કેવું છે તે જાણી શકાય છે

તમે તમારું જીવન કેટલું ઉન્નત કે કેટલું અવનત છે, તે તમે ચાર પ્રકારની વિચારણા કરીને જાણી શકો છો. તે વિચારણા આ પ્રમાણે છે.

(૧) આહાર સંબંધી (૨) નિદ્રા સંબંધી (૩) ભય સંબંધી અને (૪) વિષય સંબંધી.

વખત ન કરવાના કાર્યો કરવા પડતા હોય છે ત્યારે તેઓનું મન તેમાં એકરૂપ બનતું નથી. અને તે તેની સજ્જનતામાં બાધક પણ નથી બનતું. એટલે સારા કાર્યોમાં વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા આવશ્યક છે. બાકી તો એ છૂટા પડી જાય એની કાંઈ કિંમત નથી. ખરાબ આશયથી છૂટા પડતા હોય તો તેમાં ભયંકર એ છૂટા પડે છે તેથી નથી પણ આશયની ખરાબ સ્થિતિ જ ભયંકર છે, એ છૂટા પડે છે એમ નથી પણ આશયની ખરાબ સ્થિતિ જ ભયંકર છે. એ છૂટા પાડયા વગર રહે જ કેમ! તા. ૮–૧૦–૧૯૫૮

(૭૫૭)

કાંઈક એ શું છે ?

અમારામાં કાંઈક છે, અમે પણ કાંઇક છીયે, એવું તમને ઘણી વખત થતું હશે. પણ તમે કાંઈકમાં શું છો? તે કાંઇક તમને શું કામમાં આવે છે? તમારે આગળ વધવા માટે બીજું પણ કાંઈક જરૂરી છે કે નહિં? એ કાંઇક તમારી પાસે છે કે નહિ? એ કોની પાસે છે? એ જેની પાસે છે તેને તમે વિશિષ્ટ સમજો છો કે નહિં? એ કાંઇક મેળવવા માટે તમે પ્રયત્ન શો કરો છો? આ બધું બરાબર વિચારો તો તમારૂં કાંઇક કયાં ય ચાલ્યું જશે અને પછી તમારી ગજા પછી કોઇ ઓર જ હશે. તા. ૮–૧૦–૧૯૫૮

(૭૫૮)

સ્વ–પર

પોતાનું ધોઇને બીજાનું ધોવું એ ઠીક છે, પણ પોતાનં ધોયા વગર બીજાનું ધોવું એ ઠીક નથી અને પોતાનું મેલું થાય એ રીતે બીજાનું ધોવું એ ખુરૂં છે. પોતાનું મેલું થાય અને બીજાનું ધોવાય નહિં ને ઉલટૂં વધારે મેલું થાય એ તો ખૂબ જ ભયંકર છે. ઉપરની હકીકત ૧. કષાય, ૨. નિદ્રા, ૩. પરોપદેશ અને ઉપદેશને અંગે વિચારવાથી વિશેષ સ્પષ્ટ અને સ્ફુટ થશે. તા. ૮–૧૦–૧૯૫૮

તરતમતા (૭૬૨)

કોઈ પણ પ્રસંગ બને છે, એ હળવો છે કે ભારે તેનો નિશ્ચય એ સરખો થઇ શકે નહિ. તેમાં અપેક્ષા ખૂબ જ સ્પષ્ટ જોવામાં આવે છે જુદી જુદી વ્યક્તિઓ એ એક જ પ્રસંગને પોતપોતાની અપેક્ષાએ હળવો ભારે જણાવશે. સામાન્ય રીતે પ્રસંગ સારો છે કે ખરાબ એમાં તો ઘણાંનો મત સમાન આવશે. જો કે તેમાં પણ જુદા જુદા મતો ધરાવનારા મળી આવશે. પણ એતો જરી આગળ પડતી અપેક્ષાની વાત છે. બાકી સારા માઠાની તરતમતા તો પ્રત્યેક વ્યક્તિ દીઠ ભિન્ન ભિન્ન હોય છે એ સ્પષ્ટ છે.

તા. ૧૦-૧૦-૧૯૫૮

નિંદા અને નિદ્રા (૭૬૩)

નિંદા અને નિદ્રામાં આમ તો બહુ લાંબુ અન્તર નથી. બન્નેમાં અક્ષરો સમાન છે. "ન્" અને "ર્"નો ફક્ત તફાવત છે. પણ બન્નેની તાકાતમાં ઘણું જ અન્તર છે. નિદ્રા આવતી હોય, એ જીવ ઉપર પોતાનો કાબૂ જમાવવા પ્રયત્ન કરતી હોય, તેમાં જો "નિન્દા" આવીને ઊભી રહે તો તે નિદ્રાને ક્યાંય હડસેલીને ફેંકી દે છે. બાકી નિદ્રામાં એવી શક્તિ નથી કે તે નિન્દાને દૂર કરી શકે. નિદ્રાથી ન બચાય તો કાંઈ નહિ પણ નિન્દાથી તો જરૂર બચવું.

તા. ૧૦-૧૦-૧૯૫૮

'નમો' એ ધર્મ છે (૭૬૪)

દેવ ગુરુ અને ધર્મ એ ત્રણમાં વિશેષ ઉપકારક ધર્મ છે માટે જ નમો અરિહંતાણં—નવકાર—મહામંગલકારી–મહામંત્રમાં તેને પ્રથમ સ્થાન મળ્યું છે 'નમો' એ ધર્મ છે. 'નમો' એ સર્વ ધર્મનું મૂળ છે. એ ધર્મને આધીન સર્વ ધર્મો છે, એના વગરના ધર્મની કાંઈ કિંમત નથી.

તા. ૧૦-૧૦-૧૯૫૮

શરીર માટે સચિંત રહેતા હોય છે. કેટલાક ધનના ગરીબ હોય છે. જેને જગત ગરીબ તરીકે ઓળખે છે. તેઓ શ્રીમંતને જોઈને ભાસેને પછી પોતે તન મનથી તગડા હોય છતાં પણ પોતાને ઉતરતા માને છે કેટલાક મનના ગરીબ હોય છે તેમની પાસે બીજી બધી અનુકૂળતાઓ હોવા છતાં એ મનના માંદા જાણે બધી રીતે માંદા હોય એવો દેખાવ કર્યા જ કરતા હોય છે. વચનનાં પરિવારનાં, પ્રતિષ્ઠા વગેરેના, ગરીબો પણ હોય છે પણ તેઓની ગરીબી બહુ ગણના પાત્ર બનતી નથી. આ સર્વ કરતાં જગત જે ગરીબીને ઓળખતું નથી એવી ગરીબી છે- આત્માની ગરીબી. એ ગરીબી જ બધી ગરીબીનું મૂળ છે, બીજ છે. જો આત્માની ગરીબી જડમૂળમાંથી દૂર કરવામાં આવે તો તાકાત નથી કે બીજી કોઈપણ પ્રકારની ગરીબી એ આત્મા તરફ નજર કરી શકે. બીજી બધી રીતે ગરીબાઈ વગરના જીવો પણ જ્યારે તેમની પાસે આત્માની ગરીબી હોય છે, ત્યારે તેઓ આત્માની ગરીબી વગરના આત્મા પાસે દાસ બની રહે છે. એટલે એ ગરીબી દૂર કરવા સયત્ન બનવું.

તા. ૧૧-૧૦-૧૯૫૮

શક્તિ

(૭૭૦)

જે મારી શકે છે, તે જીવાડી શકે છે. જે જીવાડી શકે છે, તે મારી શકે છે. જે મરી શકે છે, તે મારી શકે છે. જે મારી શકે છે, તે મરી શકે છે. જે જીવી શકે છે, તે જીવાડી શકે છે. જે જીવાડી શકે છે, તે જીવી શકે છે. જે જીવી શકે છે, તે મરી શકે છે, મારી શકે છે, જે મરી શકે છે, તે જીવી શકે છે. મારી શકે છે. જે મારી શકે છે. જે મારી શકે છે, મરી શકે છે; તે જીવી શકે. આ પ્રમાણે વિચાર કરીએ તો સમજાશે કે જેનામાં સામર્થ્ય છે, શક્તિ છે; તે સર્વ કાંઈ કરી શકે છે. સામર્થ્યનો ઉપયોગ કઈ રીતે કરવો. એ આવડવું જોઈએ. વિદ્યુત એ જીવન પણ છે અને મરણ પણ છે. કારણ કે એ શક્તિતત્ત્વ છે.

તા. ૧૫-૧૦-૧૯૫૮

નાબૂદ કરવા પ્રયત્ન કરો જોઃ બહુ દૂર ગયા બાદ આમ કરવું પડે છે, તે કરતાં જો શરૂઆતમાં જ સાવધ બનીને રોગને દૂર કરવા કટિબદ્ધ થવામાં આવે તો પરિણામ તમારી બાજુનું જ આવે.

તા. ૨૦-૧૦-૧૯૫૮

(૭૭૫)

વિશ્વમાં પ્રબળ શુભ અથવા અશુભ કર્મનો ઉદય અનુભવતા જીવોના જ્વલંત પ્રસંગો જોવામાં આવે છે, એજ પ્રમાણે પ્રબળ પુરુષાર્થને યોગે કર્મને પણ પલટાવી નાંખીને ઉન્નત સ્થિતિ પર પહોંચેલા જીવોના જ્વલંત પ્રસંગો જોવામાં આવે છે. એટલે કર્મ બળવંત છે કે પુરૂષાર્થ? એનો એકાંત નિશ્ચય કરવાની જરૂર નથી. તા. ૨૦-૧૦-૧૯૫૮

(૭૭૬)

એ આપોઆપ ચાલી જશે

જેટલી બહારની વિષમતાઓ જીવને અકળાવે છે, તેટલી અંદરની-અંતરની વિષમતાઓ ચાલુ રાખીને બહારની વિષમતાઓ દૂર કરવાનો પ્રયત્ન એ ઉખર ભૂમિમાં પાક ઉગાડવાના પ્રયત્ન જેવો છે. અંદરની વિષમતાઓ દૂર કરવાને શુદ્ધ વિચાર આવવાની સાથે જ બહારની વિષમતાઓ ક્યાંય નાસી જાય છે. રવિ કિરણના ઉદયની સાથે જ અંધકારની જેમ. તા. ૨૦-૧૦-૧૯૫૮

(૭૭૭)

સર્વજ્ઞને અનુસરો

આપણાથી વિશેષ જાણકારના મતને આપણે અનુસરીએ છીએ અને જો નથી અનુસરતા તો ગેરલાભ થાય છે, અચૂક થાય છે. આ સમજણ ધરાવતા સહુ કોઈ માને છે, તો પછી સર્વજ્ઞના મતને અનુસરનારને કેટલો લાભ થાય અને નહિ અનુસરનારને કેટલો ગેરલાભ થાય, એ સહેલાઈથી સમજાય એવું છે. લાભની ઇચ્છાવાળાએ સર્વજ્ઞના મતનું અનુસરણ કરવું હિતાવહ છે. તા. ૨૦-૧૦-૧૯૫૮

નથી, તેઓ તો પોતાના આત્મધ્યાનમાં મસ્ત ને મશગૂલ હોય છે, પણ નિન્દા કરનારનું અશુભ થાય છે. અને તે એમ માને છે કે મહાત્માઓએ મને દુઃખી કર્યો. પણ વાસ્તવમાં એમ નથી હોતું. નિન્દક પ્રવૃત્તિ એ જ અશુભ સૂચક છે. જે પ્રમાણે અમુક વ્યાધિઓ આવવાના હોય છે ત્યારે અમુક લક્ષણો જણાય છે. તે પ્રમાણે અશુભ થવાનું હોય છે ત્યારે ધર્મ ઉપર અરુચિ-ધર્મ કરનારની નિન્દા-પાપ પ્રવૃત્તિમાં રસ-વગેરે ચિહ્નો શરૂ થઈ જાય છે, એ ચિહ્નો જોવાની સાથે આપણે તે જીવનું ભાવી ભાખી શકીએ કે આ જીવનું પરિણામ આવું છે. જો આપણામાં સૂક્ષ્મ નિરીક્ષણ શકિત હોય તો આપણે તે જીવને પ્રાપ્ત થનારા નુકશાનની હકીકત પણ બતાવી શકીએ કે જે જાણીને બીજા વિસ્મય પામી જાય, અને ખરેખર તેમાં વિસ્મય જેવું કાંઇ ન હોય, હકીકતમાં ૨ + ૨ = ૪ જેવી વાત હોય. તા. ૨૦-૧૦-૧૯૫૮

(૭૮૦)

ઊર્ધ્વગામી બનવું છે?

તમે જો જાગૃતિ કેળવો તો જાણી શકો કે તમે ઊર્ધ્વ ગામી છો કે અધોગામી? અધોગામી હો અને ઊર્ધ્વગામી બનવું હોય તો તે કાંઇ મુશ્કેલ વાત છે-એમ ન માનતા. વાત તો બહુ સહેલી છે. અધોગામી કરનારા વર્તનો દૂર કરવા માટે થોડા પ્રયાસની આવશ્યકતા છે. અરે પ્રયાસ પણ કરવો ન હોય તો ન કરતા, પણ અધોગામી કારણો મારાથી દૂર થાય અને ઊર્ધ્વગામી સાધનો મને મળે એવી શુદ્ધ ભાવના તો કરશોને, બસ. તા. ૨૦-૧૦-૧૯૫૮

(૭૮૧)

પ્રેમ

પ્રેમ એ પવિત્ર છે, પણ એ જેમાં રહે છે તે પાત્રોમાં કેટલાક પાત્રો પવિત્ર છે અને કેટલાક પાત્ર અપવિત્ર છે. જ્યારે અપવિત્ર પાત્રો

તને સમજવાની જો હું તને સમજી જઉં તો બધું બરાબર થઇ જશે. તા. ૨૫-૧૦-૧૯૫૮

(૭૮૪)

મનને બહેકાવતા નહિં

મનને બહેકાવવું સહેલું છે, પણ બહેકેલું મન પાછું વાળવુ ઘણું મુશ્કેલ છે. એટલે કોઇ પણ વિષયમાં મનને બહેકાવતા પહેલાં પૂરો વિચાર કરવો. તા. ૨૫-૧૦-૧૯૫૮

(૭૮૫)

દેવો છે

જગતમાં તમને તમારી આંખે દેવો દેખાતા નથી, અને તેથી તમને દેવોના અસ્તિત્વ વિશે શંકા થાય છે. પણ તમે એટલું તો જરૂર સ્વીકારશો કે જગતમાં દૈવી વાતાવરણ તો છે. એ વાતાવરણને તમે અનુભવી શકો છો. થોડો વિચાર સવળો કરશો તો તમને સહેજે સમજાઇ જશે કે દેવોનુ અસ્તિત્વ છે.

તા. ૨૫-૧૦-૧૯૫૮

(૭૮૬)

અયોગ્ય આકર્ષણ

પોતાની પાસે રહેલા પદાર્થો કેટલીક વખત ખૂબ જ મજા આપે છે, રસ પૂરે છે. અને કેટલીક વખતે ન બીલકુલ ગમતા નથી. જ્યારે નથી ગમતા ત્યારે પોતાનું ખેંચાણ કોઇ બીજા પદાર્થે કર્યું છે, કે જે પદાર્થ પોતાનો નથી. જે પદાર્થ પોતાનો નથી તેનાં પ્રત્યે ખેંચાણ રાખવું એ જ બેહૂદું છે, તેથી વ્યર્થ ખિન્નતા સિવાય અન્ય કાંઇ લાભ નથી. તા. ૪-૧૧-૧૯૫૮

(૭૮૯)

બીજું અડધિયું

ક્ષમા એ વીરતાની પૂરવણી છે અને વીરતા એ ક્ષમાની પૂરવણી છે. વીરતા વિનાની ક્ષમા અધૂરી છે. અને ક્ષમા વગરની વીરતા અધૂરી છે. જેનામાં એક હોય તેણે બીજી [illegible] મેળવવું જરૂરી છે.

તા. ૯-૧૧-૧૯૫૮

(૭૯૦)

કર્તાની જવાબદારી

જે લોકો કર્તવ્ય બુદ્ધિ [illegible] તે માટે [illegible] તે સ્થાપવાનું [illegible] નથી કર્તાના [illegible] કર્તાભિમાન [illegible] છે. [illegible] નથી. પરિણામ [illegible] છે. એ [illegible] છે.

તા. ૯-૧૧-૧૯૫૮

(૭૯૧)

સત્યની સાથે સ્વાર્થ જોડાય છે પણ તેમાં જે બળવાન હોય છે તે અન્યનો નાશ કરે છે.

તા. ૯-૧૧-૧૯૫૮

(૭૯૫)

વિરૂપ સ્વરૂપ અને અરૂપ

વિરૂપમાંથી સ્વરૂપમાં આવવા માટે શ્યામને દુર કરી ઉજ્જ્વળને અનુસરવું જરૂરી છે, પણ સ્વરૂપમાંથી અરૂપમાં જવા માટે કોઈને પણ અનુસરવાની આવશ્યકતા નથી. અન્ય કોઈને ન અનુસરવું અને સ્થિર રહેવું એનું નામ જ નિરાલંબન ધ્યાન છે.

તા. ૯-૧૧-૧૯૫૮

(૭૯૬)

શાસ્ત્રદીપક

દીપક અન્ધકારને દુર કરે છે, પણ એવા ઘણા અન્ધકાર છે કે જે દૂર કરવા માટે યોગ્ય દીપક પ્રકટ કરવાની જરૂર છે. શાસ્ત્રવચનના દીપકનો તે અંગે અંશે અંશે પણ યથાયોગ્ય ઉપયોગ કરવામાં આવે તો પરિણામે સમૂળગું અન્ધારૂં દૂર થઈ જશે એ નિર્વિવાદ છે.

તા. ૧૦-૧૧-૧૯૫૮

(૭૯૭)

અમૂલ્ય

જીવનનું મૂલ્ય વધતું જાય એવા કાર્યો કરો, છેવટે એ અમૂલ્ય થઇ જશે.

તા. ૨૮-૧૧-૧૯૫૮

જ્યાં દ્વેષ જુએ ત્યાં ત્યાં તેનું મૂળ તપાસવું, અને દ્વેષને દૂર કરવા માટે તેનું મૂળ ઉખેડી નાખવું. એ દ્વેષને દૂર કરવાનો સચોટ ઉપાય છે.

તા. ૨૮-૧૧-૧૯૫૮

(૮૦૧)

ભય દૂર કરવાની ચાવી

મને કોઈનો ભય ન લાગે એ પ્રમાણે ઇચ્છા સહુ કોઈને થાય છે પણ મારો ભય કોઈને ન લાગે એવી ઇચ્છા થતી નથી. પ્રથમ ઇચ્છાની સફળતાની ચાવી બીજી ઇચ્છામાં રહેલી છે. જેટલે અંશે બીજી ઇચ્છાની સિદ્ધિ તેટલે અંશે પ્રથમની ઇચ્છા આપોઆપ સિદ્ધ થઈ જાય છે. (તા. ૨૮-૧૧-૧૯૫૮)



તને સમજવાની જો કે તને સમજ જડે તો બધું બરાબર થઈ જશે.

તા. ૨૫-૧૦-૧૯૫૮

(૭૮૪)

મનને બહેકાવતા નહિં

મનને બહેકાવવું સહેલું છે, પણ બહેકેલું મન પાછું વાળવું ઘણું મુશ્કેલ છે. એટલે કોઈ પણ વિષયમાં મનને બહેકાવતા પહેલાં પૂરો વિચાર કરવો.

તા. ૨૫-૧૦-૧૯૫૮

(૭૮૫)

દેવો છે

જગતમાં તમને તમારી આંખે દેવો દેખાતા નથી, અને તેથી તમને દેવોના અસ્તિત્વ વિશે શંકા થાય છે. પણ તમે એટલું તો જરૂર સ્વીકારશો કે જગતમાં દૈવી વાતાવરણ તો છે. એ વાતાવરણને તમે અનુભવી શકો છો. થોડો વિચાર સવળો કરશો તો તમને સહેજે સમજાઈ જશે કે દેવોનું અસ્તિત્વ છે.

તા. ૨૫-૧૦-૧૯૫૮

(૭૮૬)

અયોગ્ય આકર્ષણ

પોતાની પાસે રહેલા પદાર્થો કેટલીક વખત ખૂબ જ મજા આપે છે, રસ પૂરે છે. અને કેટલીક વખતે ન બીલકુલ ગમતા નથી. જ્યારે નથી ગમતા ત્યારે પોતાનું ખેંચાણ કોઈ બીજા પદાર્થે કર્યું છે, કે જે પદાર્થ પોતાનો નથી. જે પદાર્થ પોતાનો નથી તેનાં પ્રત્યે ખેંચાણ રાખવું એ જ બેહૂદું છે, તેથી વ્યર્થ ખિન્નતા સિવાય અન્ય કાંઈ લાભ નથી.

તા. ૪-૧૧-૧૯૫૮

(૭૮૯)

બીજું અડધીયું

ક્ષમા એ વીરતાની પૂરવણી છે અને વીરતા એ ક્ષમાની પૂરવણી છે. વીરતા વિનાની ક્ષમા અધુરી છે. અને ક્ષમા વગરની વીરતા અધુરી છે. જેની પાસે એક હોય તેણે બીજા અડધીયાને મેળવવું જરૂરી છે.

તા. ૯-૧૧-૧૯૫૮

(૭૯૦)

કર્તાની જવાબદારી

નિજમાંથી કર્તૃત્વ બુદ્ધિ દૂર થાય તે માટે ઈશ્વરમાં તે સ્થાપવાનું કાર્ય કોઈ સજ્જને સમુચિત લાગ્યું. પણ તેથી કર્તૃત્વનો ભાર ઈશ્વરને માથે નાખવો—એ કેટલું બેહૂદું છે. કર્તૃત્વાભિમાન ન આવે એ ઇષ્ટ છે. પણ જવાબદારીમાંથી છૂટી જવું એ કોઈ રીતે ઇષ્ટ નથી. પરિણામ તો તમારા કાર્યના તમારે જ ભોગવવા પડે છે. એ અચૂક છે.

તા. ૯-૧૧-૧૯૫૮

(૭૯૧)

હું અને તું

હું ને તુંનો સરવાળો એ સંસાર છે.

હું ને તુંની બાદબાકી સાંસારિક દુઃખ છે.

હું ને તુંનો ગુણાકાર એ સંસાર વૃદ્ધિ છે.

હું ને તુંનો ભાગાકાર એ સંસારનો છેડો—અંત છે.

તા. ૯-૧૧-૧૯૫૮

જ્યાં દ્વેષ થાય ત્યાં ત્યાં તેનું મૂળ તપાસવું, અને દ્વેષને દૂર કરવા માટે તેનું મૂળ ઉખેડી નાખવું. એ દ્વેષને દૂર કરવાનો સચોટ ઉપાય છે.

તા. ૨૮-૧૧-૧૯૫૮

(૮૦૧)

ભય દૂર કરવાની ચાવી

મને કોઈનો ભય ન લાગે એ પ્રમાણે ઇચ્છા સહુ કોઈને થાય છે પણ મારો ભય કોઇને ન લાગે એવી ઇચ્છા યતી નથી. પ્રથમ ઇચ્છાની સફળતાની ચાવી બીજી ઇચ્છામાં રહેલી છે. જેટલે અંશે બીજી ઇચ્છાની સિદ્ધિ તેટલે અંશે પ્રથમની ઇચ્છા આપોઆપ સિદ્ધ થઈ જાય છે. (તા. ૨૮-૧૧-૧૯૫૮)



જ્યાં દેહ ભાન ત્યાં ત્યાં તેનું મૂળ નખાયલું, અને દ્વૈતને દૂર કરવા માટે તેનું મૂળ ઉખેડી નાખવું. એ દ્વૈતને દૂર કરવાનો અકસીર ઉપાય છે.

તા. ૨૮-૧૨-૧૯૫૮

(૮૦૧)

ભય દૂર કરવાની ચાવી

મને કોઈનો ભય ન લાગે એ પ્રમાણે ઇચ્છા સહુ કોઈને થાય છે પણ મારો ભય કોઈને ન લાગે એવી ઇચ્છા થતી નથી. પ્રથમ ઇચ્છાની સફળતાની ચાવી બીજી ઇચ્છામાં રહેલી છે. જેટલે અંશે બીજી ઇચ્છાની સિદ્ધિ તેટલે અંશે પ્રથમની ઇચ્છા આપોઆપ સિદ્ધ થઈ જાય છે. (તા. ૨૮-૧૨-૧૯૫૮)

